પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૩૮ ૧૯ એપ્રિલ, ૨૦૧૯, શુક્રવાર; ચૈત્ર સુદ - ૧૫ પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# બીજા તબક્કામાં ૬૧.૧૨ ટકા શાંતિપૂર્ણ મતદાન

**૧૨ રાજ્યોને આવરી લેતી ૯૫ સીટો ઉપર એકંદરે ૬૨.૧૨ ટકા જેટલું મતદાન : મતદાનની સાથે૧૬૩૫ ઉમેદવારોના ભાવિ સીલ થયા : ઉત્તરપ્રદેશમાં ૬૨, કર્ણાટકમાં ૬૧, બિહારમાં ૬૨, મહારાષ્ટ્રમાં ૫૭ ટકાથી વધુ મતદાન**



નવીદિલ્હી,તા. ૧૮

૧૭મી લોકસભાની ચૂંટણીના ભાગરૂપે આજે ૧૧ રાજ્યો અને કેન્દ્રિત શાસિત પ્રદેશને આવરી લેતી લોકસભાની ૯૫ સીટ ઉપર શાંતિપૂર્ણરીતે ૬૬ ટકાથી વધુ મતદાન થયું હતું. બીજા તબક્કામાં ૬૬ ટકાથી વધુ મતદાન થતાં ભાજપ અને કોંગ્રેસ સહિતના પક્ષોએ પોતપોતાની જીતના દાવા કર્યા હતા. આજે ૧૫.૮૦ કરોડ મતદારો પૈકી ૬૬ ટકા મતદારો મતદાન કરવા માટે બહાર નિકળ્યા હતા. આજના મતદાનની સાથે જ ૧૬૩૫ ઉમેદવારોના ભાવિ ઈવીએમમાં સીલ થઈ ગયા હતા. ચૂંટણી પંચે માહિતી આપતા સાંજે કહ્યું હતું કે, ઉત્તરપ્રદેશમાં બીજા તબક્કામાં ૬૨, કર્ણાટકમાં ૬૧, બિહારમાં ૬૨થી વધારે મતદાન થયું હતું. આવી જ રીતે મહારાષ્ટ્રમાં ૫૮ ટકાથી વધારે મતદાન નોંધાયું હતું. તમિળનાડુમાં થેની લોકસભા મતવિસ્તારમાં ૬૫ ટકાથી વધારે મતદાન થયું હતું. આવી જ રીતે કર્ણાટકમાં૬૧.૮૦ ટકાથી વધારે મતદાન થયું હતું. જમ્મુ કાશ્મીરમાં ૪૩.૩૭ ટકા, બંગાળમાં ૭૫ ટકાથી વધારે મતદાન થયું હતું. મતદાનની ટકાવારીમાં હજુ પણ ફેરફાર થઈ શકે છે. તમામ મોટા માથાઓએ તેમના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. અગાઉ સવારે ૧૧ રાજ્યો અને કેન્દ્ર શાષિત પ્રદેશ પોન્ડીચેરીને આવરી લેતી ૯૫ સીટ પર મતદાનની શાંતિપૂર્ણ રીતે શરૂઆત થઈ હતી. પ્રથમ તબક્કામાં ૧૧મી એપ્રિલના દિવસે ૯૧ સીટ પર મતદાન થયા બાદ આજે બીજા તબક્કામાં વધુ ૯૫ સીટ પર મતદાન થયું હતું. આની સાથે જ બે તબક્કામાં ૧૮૬ બેઠક ઉપર મતદાનની પ્રક્રિયા પરિપૂર્ણ થઈ ચુકી છે.

● અનુસંધાન પાન-૭ પર

## ક્યાં કેટલું મતદાન......

| રાજ્ય | મતદાન (ટકામાં) |
|---|---|
| મણિપુર | ૭૪.૬૯ |
| ઓરિસ્સા | ૫૭.૪૧ |
| તમિળનાડુ | ૬૫.૧૩ |
| ઉત્તરપ્રદેશ | ૬૨.૩૦ |
| કર્ણાટક | ૬૧.૮૪ |
| બિહાર | ૬૨.૫૨ |
| જમ્મુ કાશ્મીર | ૪૩.૩૭ |
| છત્તીસગઢ | ૬૮.૭૦ |
| પશ્ચિમ બંગાળ | ૭૫.૨૭ |
| આસામ | ૭૩.૩૨ |
| મહારાષ્ટ્ર | ૫૮ |
| પોન્ડીચેરી (કેન્દ્ર શાશિત પ્રદેશ) | ૭૨.૪૦ |
| કુલ અંદાજીત મતદાન | ૬૨થી ૬૬ ટકા |

## સારે મોદી ચોર બોલી રાહુલ ફરી ફસાયા : માનહાનિ કેસ

**સુશીલ મોદી દ્વારા રાહુલ સામે કેસ કરાયો**

પટણા, તા. ૧૮

કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધી તમામ મોદી ચોર છે તેમ કહીને મુશ્કેલીમાં મુકાઈ ગયા છે. ભાજપે આ નિવેદનને લઈને રાહુલ ગાંધી ઉપર આકરા પ્રહાર કર્યા છે. બિહારમાં ભાજપના વરિષ્ઠ નેતા અને પ્રદેશના નાયબ મુખ્યમંત્રી સુશીલ કુમાર મોદીએ હવે રાહુલની સામે માનહાનિનો કેસ દાખલ કરી દીધો છે. આ પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઉપર પણ નિવેદન કરીને રાહુલ ગાંધી મુશ્કેલીનો સામનો કરી ચુક્યા છે. સારે મોદી ચોરના નિવેદનને લઈને સુશીલ મોદીએ માનહાનિનો કેસ દાખલ કરી દીધો છે. સુશીલ મોદીએ કહ્યું છે કે, રાહુલ ગાંધીના આ પ્રકારના ભાષણથી મોદી ટાઈટલવાળી વ્યક્તિ છે તેમને ચોર તરીકે દર્શાવવામાં આવ્યા છે. આનાથી સમાજમાં તેમની પ્રતિષ્ઠાને ફટકો પડ્યો છે. આ એક અપરાધિક કેસ છે જેની સજા કોર્ટ દ્વારા રાહુલ ગાંધીને કરવામાં આવે તે જરૂરી છે.

# કોંગ્રેસ સમાજમાં વિખવાદ સર્જીને રાજનીતિ કરે છે

**અમરેલીમાં રાષ્ટ્રવાદના મુદ્દા પર મોદીના કોંગ્રેસ પર તેજાબી પ્રહાર : દેશવાસીઓના અતૂટ પ્રેમના લીધે કઠોર નિર્ણય લઇ શક્યા છે : ડોકલામ વેળા ગુજરાત તરફથી મળેલા સંદેશાથી પ્રતિસાદ આપવાની ઇચ્છા શક્તિ વધી : સરદારની ઉંચી પ્રતિમા બનાવી નહેરુનું કોઈ અપમાન કર્યું નથી : મોદી**



અમરેલી,તા. ૧૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે સતત બીજા દિવસે ગુજરાતમાં આક્રમક ચૂંટણી પ્રચાર જારી રાખ્યો હતો. ગુજરાતમાં આજે અમરેલી ખાતે જાહેરસભાને સંબોધી હતી. મોદીએ સભામાં ઉપસ્થિત વિશાળ જનમેદનીને સંબોધતા કહ્યું હતું કે, સૌરાષ્ટ્રની ધરતી સંત બાબા બજરંગ દાસની છે. સૌરાષ્ટ્રની ધરતી સીતારામ બાપાની છે. ધરતી ઉપરથી સૌના આશીર્વાદ લેવા માટે પહોંચ્યા છે. મોદીએ કહ્યું હતું કે, ભારતે છેલ્લા ૫૫ વર્ષમાં એક જ પરિવારશાહી જોઈ છે. એક પરિવારતંત્રને જોયું છે. દેશમાં કોઈએ પણ સપનામાં પણ ખ્યાલ આવ્યો ન હતો કે, એક સામાન્ય માનવી દેશમાં શાસન કરી શકે છે. આ ગુજ્જુ ચાવાળો કેવીરીતે સમગ્ર ભારતને સાચી દિશા બતાવી શકશે. પાછલા પાંચ વર્ષમાં અનેક કઠોર નિર્ણયો કરવામાં આવ્યા છે. ગરીબાઈ અને ગરીબની જિંદગીનો ખ્યાલ પણ રાખ્યો છે. દુનિયાની મોટામોટી તાકાત સામે મોટી તાકાત સાથે સામી છાતીએ ઉભો રહ્યો છે. ડોકલામ વિવાદ વખતે ૭૦-૭૫ દિવસ ભારત-ચીનની સેના આમને સામને હતી ત્યારે સમગ્ર દેશમાંથી દેશની સુરક્ષાને લઈને ચિંતા વ્યક્ત કરતા સંદેશા મળતા હતા પરંતુ ગુજરાત એકમાત્ર રાજ્ય હતું જ્યાંથી આરપારની લડાઈ લડી લેવાના સંદેશા મળી રહ્યા હતા જેના કારણે સાહસ અને પ્રતિસાદ આપવાની ઈચ્છા પણ વધી ગઈ હતી. દિલ્હીની દુનિયા ગમે તેટલી મોટી હોય, દુનિયાના ગમે તેટલા મોટા મોટા વ્યક્તિઓને મળતો હોવુ, વિશ્વ આખામાં ભારતની ચર્ચા ચાલતી હોય ત્યારે મનમાં થાય કે આ બધુ એટલા માટે કરી શક્યો છું કે, આ બાબતો ગુજરાતે શિખવી છે.

# ખેડૂતો માટે વિશેષ બજેટની જોગવાઈ કરાશે : વંથલીમાં રાહુલના મોદી પર પ્રહાર

**ગરીબોના ખાતામાં ૭૨ હજાર અને ન્યાય યોજનાને લાગુ કરવાની રાહુલ ગાંધીની ખાતરી**



અમદાવાદ,તા. ૧૮

કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ રાહુલ ગાંધીએ આજે ગુજરાતમાં લોકસભા ચૂંટણીને લઈ કોંગ્રેસના પ્રચારને લઈ વંથલી સહિતના સ્થળોએ વિશાળ જાહેરસભા સંબોધી હતી. જૂનાગઢના વંથલી ખાતેની વિશાળ જનસભાને સંબોધન દરમ્યાન રાહુલ ગાંધીએ આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપ સરકાર પર આકરા પ્રહારો કરી ચાબખા વરસાવ્યા હતા. રાહુલે મોદી અને ભાજપ સરકાર પર આકરા પ્રહારો કરવાની સાથે સાથે કોંગ્રેસ જો આ વખતે સત્તા પર આવી તો, ખેડૂતો, ગરીબો, બેરોજગારો અને મહિલાઓ માટે અનેક કલ્યાણકારી યોજનાઓ અમલમાં મૂકવાની જાહેરાતો કરી હતી. જેમાં સૌથી મહત્વની જાહેરાત કરતાં રાહુલ ગાંધીએ જણાવ્યું કે, જો કોંગ્રેસ સત્તામાં આવી તો, આઝાદ ભારતના ઈતિહાસમાં દેવુ નહી ચૂકવી શકનાર કોઈપણ ખેડૂતને કોંગ્રેસના શાસનમાં કયારેય જેલમાં નહી જવુ પડે. કોંગ્રેસ સત્તામાં આવશે તો, બે બજેટ રજૂ

● અનુસંધાન પાન-૭ પર

A Bio High Te-ch Eco friendly STP System
ક્રાન્તિકારી સમાચાર ઉદ્યોગ ગૃહો, હોટલ, રેસ્ટોરન્ટ તેમજ પાર્ટીપ્લોટ માટે
ઉભરાતા ખારકૂવાનો સચોટ ઉપાય
બાયોટેક્નોલોજી પદ્ધતિ દ્વારા વારંવાર ક્લીયર કરાવવાની ઝંઝટમાંથી કાયમી ધોરણે મુક્તિ તેમજ કોઈપણ પ્રકારની દુર્ગંધ દૂર કરવા માટેનો સચોટ ઉપાય
માહિતી મેળવવાનો સમય : સોમથી શનિ સવારે ૧૦ થી સાંજના ૭ વાગ્યા સુધીજ
Coalesce Water Solutions
211, Circle 'P' Bldg., Prahladnagar Cross Road, S.G. Highway, Ahmedabad.
Ph. : (079) 26937026, 25501402
(M) 98250 20331

અમારૂં નવું સરનામું
ૐકાર ગ્રાફીક્સ & ઝેરોક્ષ
સ્ક્રીન પ્રિન્ટીંગ । ઓફસેટ પ્રિન્ટીંગ । મલ્ટીકલર પ્રિન્ટીંગ
● કોમ્પ્યુટર મલ્ટીકલર ડીઝાઇન ● આમંત્રણ પત્રિકા ● સ્ટીકર
● ગુજરાતી - અંગ્રેજી - હિન્દી ટાઇપીંગ ● વિઝીટીંગ કાર્ડ ● ફ્લેક્ષ બેનર
● ડી.ટી.પી. જોબવર્ક ● સોવિનીયર ● બિલબુક
● ચાંલ્લા કવર ● લેટર પેડ ● વિનાઇલ
અમદાવાદના ભાવે લગ્ન કંકોત્રી મળશે.
કલર ઝેરોક્ષ, લેમિનેશન, સ્પાયરલ બાઇન્ડીંગ,
વિશાલ પંડ્યા મો. ૯૮૨૪૦ ૫૯૬૩૫, કનૈયાલાલ પંડ્યા મો. ૯૪૨૮૨ ૧૭૫૫૭
E-mail : omkargraphics98@gmail.com
બી-૬, બેઝમેન્ટ, શ્રીનાથ કોમ્પ્લેક્ષ,
૧૭/૨૨ બસ સ્ટેન્ડ પાસે, સેક્ટર-૨૨, ગાંધીનગર.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225



પ્રાણપ્યારા ડો. પ્રશાંતને
પુષ્પાંજલિ
અમારા લાડલા ડો. પ્રશાંત મેરજાની ૧૧મી વાર્ષિક સ્મૃતિએ ભાવવંદના,
'સમય વિત્યો અપાર, યાદોમાં છો લગાતાર'
ડો. પ્રશાંત બ્રિજેશ મેરજા
તા. ૨-૫-૮૫થી સદાકાળ
લિ.
રિન્કુ સન્ની મેરજા
રેખા રમેશ મેરજા
સુશીલા બ્રિજેશ મેરજા
ચિ. પાયલ અને જય
ચાર્મી રાજ પટેલ
ભાવના સુરેશકુમાર સરડવા
દિયાન
પૂ. બા, પૂ. બાપુજી
મેરજા પરિવાર

● વાટીદાળના ખમણ ● સેવખમણી
● નાયલોન ખમણ ● નવતાડ સમોસા
● ચાઈનીઝ સમોસા ● અવનવા શ્રીખંડ
કેરીનો રસ મળશે
SWIGGY અહીંયા પણ ઉપલબ્ધ
બારે માસ ભરવાના સ્પે. મસાલા NRI ક્વોલિટીના મળશે
શ્રી ભાગ્યલક્ષ્મી (૨૦૦૫થી આપની સેવામાં) મહિલા ગૃહ ઉદ્યોગ
પ્લોટ નં.૧૪૭, સેક્ટર-૮, ગાંધીનગર 95745 64936

